ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

પરિપત્ર : ૫૭

નં.પરીક્ષા/૪-અ/ ૬૭૪૧૫ /૨૦૨૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ:૩૮૦૦૦૯
તા.૧૩-૦૨-૨૦૨૬

ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન ઓર્થોટીક્સ એન્ડ પ્રોસ્થોટિકસ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, ઓર્થોટીક્સ એન્ડ પ્રોસ્થોટિકસ અભ્યાસક્રમની પરીક્ષા ચાલુ થવાની તારીખ તથા આવેદનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ નીચે મુજબ રાખવામાં આવેલ છે. જેની લગતા વળગતા સૌએ નોંધ લેવી.

| Sr. No | Exam | Batch | Date of starting of examination | Last date to upload and physically submit the exam form / dissertation to the University | Last date to upload and physically submit the exam form with late fee of Rs.500 per student | Start Date to upload the Exam form by Gujarat University on GU portal |
|---|---|---|---|---|---|---|
| 1 | II BPO | Regular | 07-09-2026 Monday | 14-07-2026 Tuesday | 22-07-2026 Wednesday | 15-06-2026 Monday |
| 2 | III BPO | Regular | 07-09-2026 Monday | 14-07-2026 Tuesday | 22-07-2026 Wednesday | 15-06-2026 Monday |
| 3 | I BPO | Regular | 01-10-2026 Thursday | 11-08-2026 Tuesday | 18-08-2026 Tuesday | 10-07-2026 Friday |
| 4 | IV BPO | Regular | 27-11-2026 Friday | 21-09-2026 Monday | 28-09-2026 Monday | 21-08-2026 Friday |

<u>નોંધ:</u>

- આ પરિપત્રની જાણ કોલેજના દરેક વિભાગના વડા, તમામ ફેકલ્ટી તેમજ વિધાર્થીઓને કરવા માટેની જરૂરી કાર્યવાહી સંસ્થાના વડા/ આચાર્યશ્રીઓ/ ડાયરેક્ટરશ્રીઓ એ કરવાની રહેશે.

(૧). લઘુત્તમ હાજરી કે અન્ય કોઈપણ નિયમોના કારણે જે વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવા માટે પાત્રતા ધરાવતા ના હોય તેની માહિતી અલગથી થીયરી પરીક્ષા શરૂ થવાના ઓછામાં ઓછા ૧૦ દિવસ પહેલા યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

(૨).આથી તમામ કોલેજના વડાને ખાસ જણાવવાનું કે Concern Council / University ના લઘુત્તમ હાજરી કે અન્ય કોઈપણ નિયમો ના કારણે જો કોઈ વિધાર્થીનું પરીક્ષા ફોર્મ રોકીને તેને જે-તે વિષયની પરીક્ષામાં બેસવા માટે પાત્રતા ધરાવતા ના હોય તો તે અંગેની લેખિત જાણ વિધાર્થીને અને

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

યુનિવર્સીટીને પરીક્ષા શરૂ થવાના ઓછામાં ઓછા ૧૦ દિવસ પહેલા અચૂક કરવાની રહેશે. આવા કેટલાક કિસ્સાઓમાં સંસ્થા દ્વારા વિધાર્થીને પરીક્ષા ન આપવા દેવાની જાણ ન કરવાથી છેલ્લી ઘડીએ ચાલુ થીયરી પરીક્ષામાંથી યુનિવર્સીટી દ્વારા વિધાર્થીને ઉઠાડવામાં આવતા વિદ્યાર્થી માનસિક આઘાત પામે છે, અને કોઈ અઘટિત પગલા ભરવાની શક્યતા રહે છે. આથી જે-તે સંસ્થા / વિષય / વિભાગના વડાએ આ પ્રકારના કિસ્સામાં પરીક્ષા શરૂ થવાના ઓછામાં ઓછા ૧૦ દિવસ પહેલા વિદ્યાર્થીને મૌખિક અને લેખિત જાણ અચૂક કરવાની રહેશે અને આવી જાણ નહિ કરવામાં આવે તો તેની જવાબદારી જે-તે વિભાગના વડા અને સંસ્થાના વડાની રહેશે.

(૩). આ પરિપત્રમાં જાહેર કરેલ પરીક્ષા ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ કોઇપણ સંજોગોમાં પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

(૪). *જે તે સંસ્થા તથા કોલેજના વડા દ્વારા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ* Concern Council *અને* યુનિવર્સીટીના *નિયમો તથા અભ્યાસક્રમ ના સમયગાળાને ધ્યાને લઈને જ ભરવાના રહેશે. જો વિદ્યાર્થી* Concern Council *અને* યુનિવર્સીટીના *નિયમોનુસાર મળવાપાત્ર સમય મર્યાદા અથવા પ્રયત્નો પ્રમાણે પાત્રતા ધરાવતો ના હોય તો એ વિદ્યાર્થીનું* યુનિવર્સીટી *પરીક્ષાનું ફોર્મ ભરવાનુ રહેશે નહિ. આ અંગેની તમામ જવાબદારી જે તે સંસ્થા તથા કોલેજના વડાની રહેશે. આ રીતે ગેરલાયક વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ભરવામાં આવશે તો તેને ગંભીર ગેરરીતિ ગણીને સંસ્થા તથા કોલેજના વડા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ અંગેની ગંભીર નોંધ લેવી.*

આ પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને તમામ વિધાર્થીઓને ધ્યાનમાં લાવવા જરૂરી કાર્યવાહી કરવી.

Sd/-
પરીક્ષા નિયામકવતી

પ્રતિ,

1) આચાર્યશ્રી, ગવર્મેન્ટ ઓર્થોટીક્સ એન્ડ પ્રોસ્થોટીક્સ કોલેજ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ